**Research Review** **ISSN: 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Jan. 2021, Year - 7 (93)**
**www.researchreviewonline.com** **Paper ID: RRJ557053**

# કોરોના વાઈરસ (COVID-19)ની સામાજિક અને આર્થિક અસર: માછીમારી સમાજના સંદર્ભે

**શ્રી જેસીંગભાઇ એન. મોરી**
**સંશોધક**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, જુનાગઢ**

---

**સારાંશ :-**

કોવીડ-૧૯ની માનવ સમાજ પર આર્થિક અસર વિશેષ જોવા મળી છે. અનેક લોકોના જીવન જીવવાની રીતિઓમાં બદલાવ આવ્યો છે. પોસ્ટ કોવીડ વર્ડમાં આર્થિક માળખું બદલાયું છે. અનેક લોકોએ પોતાના વ્યવસાયમાં પરિવર્તન કરવાની ફરજ પડી છે. જેનાથી માછીમારી કરતો સમાજ પણ બાકાત રહ્યો નથી. પ્રસ્તુત અભ્યાસ માછીમારી સમાજ પર કોરોના વાઇરસની સામાજિક અને આર્થિક અસર વિશેનો અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ૬૦ માછીમારોને નિદર્શ તરીકે લેવામાં આવ્યા હતા અને તેમની પાસેથી સામાજિક આર્થિક અસર સબંધિત પ્રશ્નાવલી પર પ્રત્યુતર લેવામાં આવ્યા હતા. જેના પરિણામો દર્શાવે છે કે માછીમારી સમાજના લોકો પર કોરોના વાઇરસની સામાજિક અને આર્થિક અસર જોવા મળી છે.

**કી વર્ડ** :- માછીમાર સમાજ, કોરોના વાઇરસ,સામાજિક આર્થિક અસર, અભ્યાસ

---

## પ્રસ્તાવના:-

ભારતવર્ષમાં મહામારી ગણાતા કોરોના વાઇરસનાં કહેરને દસ મહિના થવા આવ્યા છે. અત્યારે તેના બચાવ માટેની દવાની શોધ ચાલુ છે. આ દવાઓના પરીક્ષણ ચાલી રહ્યા છે. પરંતુ કોઈ કારગર દવાની શોધ પૂર્ણ થઇ નથી. આ મહામારીની અસરો વૈશ્વિક છે. તેનાથી કોઈ પણ દેશનું સમાજ જીવન બાકાત રહી શક્યું નથી. તેની સામાજિકની સાથે આર્થિક અસરો પણ પ્રવર્તે છે.

ભારત જેવા વિકસતા અર્થતંત્રમાં પણ તેની અસરો જોવા મળે છે. આ અસરો જુદા-જુદા ઉધોગ ધંધા અને વ્યવસાયોમાં જોવા મળી છે. જો દેશના ઉદ્યોગ ધંધા પર અસર થતી હોય તો તે ગુજરાતના ઉધોગ અને વ્યવસાયો પર પણ અસર કરે તે સ્વભાવિક છે. અને આ અસર ગુજરાતના મહત્વના વ્યવસાય માછીમારીના વ્યવસાય પર પણ પડી છે. અને તેની અસર માછીમારીના વ્યવસાયનાં મુખ્ય અંગ માછીમારો પર થઇ છે. આ કોરોના વાયરસની અસર માછીમાર સમાજના સામાજિક અને આર્થિક જીવન પર પડી છે તેનો અભ્યાસ અહીં કરવામાં આવ્યો છે.

## સમસ્યા કથન:-

પ્રસ્તુત સંશોધન અભ્યાસની સમસ્યા આ મુજબ છે.

“માછીમાર સમાજ પર કોરોના વાઇરસ (COVID-19)ની સામાજિક અને આર્થિક અસરો”



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ557053

## અભ્યાસમાં સમાવિષ્ટ શબ્દોની સમજ:-

(1) કોરોના વાઈરસ (COVID-19):- કોરોના વાઇરસનું ટેકનિકલ નામ SARAS-COV-2 છે. તેને કારણે થતી શ્વાસની બિમારીને કોરોના વાઇરસ ડીસીઝ 2019 એટલે કે કોવિડ-19 નામ આપ્યું છે. (COVID-19)=CO rona VI rus D isease 2019

(2) માછીમાર;- માછીમારીનો વ્યવસાય કરનાર કોમનો માણસ અથવા માછલી પકડવાનો વ્યવસાય કરનાર એટલે માછીમાર

(3) સામાજિક અસર :- સામાજિક બાબતો પર થતી અસરને સામાજિક અસર કહે છે.

અહીં સામાજિક અસર એટલે માછીમાર સમાજના રીત-રીવાજો, રસમ, માન્યતાઓ, ઉત્સવ, અને સામાજિક વ્યવહારો પર થતી અસર.

(4) આર્થિક અસર:- આર્થિક બાબતો પર થતી અસરને આર્થિક અસર કહે છે.

અહીં માછીમાર સમાજની આવકો, ખર્ચ, બચતો અને રોકાણો પર થતી અસર.

## અભ્યાસના હેતુઓ:-

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

(1) માછીમાર સમાજના સામાજિક જીવન પર થયેલી કોરોના વાઇરસની સામાજિ અસરો જાણવી.

(2) માછીમાર સમાજના આર્થિક જીવન પર થયેલી કોરોના વાઇરસની આર્થિક અસરો જાણવી.

## અભ્યાસના પ્રશ્નો:-

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નો આ મુજબ છે.

(1) માછીમાર સમાજના સામાજિક જીવન પર કોરોના વાઇરસની સામાજિક અસરો કેવી થઇ હશે?

(2) માછીમાર સમાજના આર્થિક જીવન પર કોરોના વાઇરસની કેવી અસર થઈ હશે?

## વ્યાપવિશ્વ અને નિદર્શ:-

**(1) વ્યાપવિશ્વ**:- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વ્યાપવિશ્વ એટલે ગુજરાત રાજ્યમાં આવેલા તમામ બંદરો કે જ્યાં માછીમાર સમાજ રહે છે અને સામાજિક આર્થિક જીવન જીવે છે.

**(2) નિદર્શ**:- પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનનું ક્ષેત્ર વિશાળ હોવાથી નિદર્શનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમષ્ટિનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે ગુજરાત રાજ્યના 1600 કી.મી. લાંબા દરિયા કિનારાની લગભગ મધ્યમાં આવેલા માંગરોળ બંદરના તમામ માછીમાર કુટુંબનો નિદર્શન યાદીમાં સમાવેશ કરી તેમાંથી 50 કુટુંબોનો નિદર્શ પસંદ કરવામાં આવ્યો છે.

## અભ્યાસની સંશોધન પદ્ધતિ:-

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે. કોરોના વાઇરસની માછીમાર સમાજની સમાજ વ્યવસ્થા પર થયેલી સામાજિક અને આર્થિક અસરો તપાસવાની હોવાથી અન્ય પદ્ધતિઓની સરખામણીમાં સર્વેક્ષણ પદ્ધતિ અનુકુળ હોવાથી તે પસંદ કરવામાં આવી છે.

## માહિતીનું એકત્રીકરણ:-

સંશોધનમાં વિષય, સમષ્ટિ અને નિદર્શનાં કદના આધારે માહિતી એકત્રીકરણની પદ્ધતિ પસંદ કરવામાં આવે છે. તેમજ માહિતીના પ્રકાર પણ મહત્વના હોય છે. માહિતીના બે પ્રકાર છે. (1) પ્રાથમિક માહિતી (2) ગૌણ માહિતી

**(1) પ્રાથમિક માહિતી:-** સંશોધકે પ્રાથમિક માહિતી એકત્રિત કરવા માટે નીચે મુજબની રીતનો ઉપયોગ કરેલ છે.

**(1.1) મુલાકાત પદ્ધતિ:-** આ પદ્ધતિમાં સંશોધક અભ્યાસ હેઠળની વ્યક્તિને રૂબરૂ મળીને અનુસૂચી અનુસાર પ્રશ્નો પૂછે છે. અને મળતા જવાબો આ પત્રકમાં મુલાકાત લેનાર પોતે જ લખે છે. અભ્યાસમાં અનુસૂચીનો ઉપયોગ કરવાનું કારણ અભ્યાસ હેઠળના ઉતરદાતાઓ માછીમાર સમાજમાંથી આવતા હોય તેમાં બધા શિક્ષિત હોય તે જરૂરી નથી, માટે આ અભ્યાસની અંદર પ્રશ્નાવલીનાં બદલે અનુસૂચી યોગ્ય ગણાય.

**(1.2) નિરીક્ષણ પદ્ધતિ:-** પ્રસ્તુત અભ્યાસમાં ઉતરદાતા જવાબ આપવામાં સંકોચ અનુભવે ત્યારે નિરીક્ષણ દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

**(2) ગૌણ માહિતી:-** અહીં ગૌણ માહિતી મેળવવા માટે ગ્રંથાલય અને ઈન્ટરનેટનો ઉપયોગ કરેલ છે.

**(2.1) ગ્રંથાલય:-** સંશોધન કાર્યમાં માહિતી મેળવવામાં ગ્રંથાલયનો ઉપયોગ મહત્વનો હોય છે. આ અભ્યાસમાં પુસ્તકો, સમાચાર પત્રો, લેખો અને સામયિકો વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(2.2) ઈન્ટરનેટ:-** પ્રસ્તુત અભ્યાસમાં કોરોના વાઇરસની માહિતી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ હોવાથી તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ:-

સંશોધનનો મુખ્ય હેતુ માછીમાર સમાજ પર થયેલી કોરોના વાઇરસની અસરોનો અભ્યાસ કરવાનો છે. આ હેતુને અનુરૂપ એકત્રિત કરેલ આંકડાકીય માહિતીનું કોષ્ટક, આલેખ અને આકૃતિનો ઉપયોગ કરી પૃથક્કરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## માછીમાર સમાજ પર કોરોના વાઇરસ (COVID-19)ની સામાજિક અસર:-

માછીમારી સમાજ પર કોરોના વાઇરસની સામાજિક અસરની જાણકારી માટે તેમને નીચે મુજબના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

૧. લોકડાઉન સમયમાં તમારા કુટુંબમાં સામાન્ય ઉશ્કેરાટ અને નાનાં મોટા ઝગડાનું પ્રમાણ વધ્યું છે ?
૨. લોકડાઉન સમયમાં તમારા કુટુંબમાં જન્મ સંસ્કારોની પરંપરામાં પરિવર્તન આવ્યું છે ?
૩. લોકડાઉન સમયમાં તમારા કુટુંબમાં લગ્ન સંસ્કારોની પરંપરામાં પરિવર્તન આવ્યું છે ?
૪. લોકડાઉન સમયમાં તમારા કુટુંબમાં મૃત્યુ સંસ્કારોની પરંપરામાં પરિવર્તન આવ્યું છે ?
૫. લોકડાઉન સમયમાં તમારા કુટુંબના બાળકોની શિક્ષણ પરંપરામાં પરિવર્તન આવ્યું છે ?

જયારે કોઈ કુદરતી કે કૃત્રિમ આફત આવે ત્યારે તે દુરગામી અસરો છોડી જતી હોય છે. તેની અસર સમાજ વ્યવસ્થા પર પડતી હોય છે. આવી જ એક આફત છે. કોરોના વાઇરસ જેની માછીમાર સમાજ પર ખાસ અસર પડી છે. જેની માહિતી ઉપર મુજબના પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબને આધારે જોવા મળી છે જે આ મુજબ છે.

**(1) કુટુંબ**:- કુટુંબ માનવસમાજમાં પાયાની સંસ્થા છે. માછીમાર સમાજમાં સંયુક્ત અને વિભક્ત એમ બે પ્રકારના કુટુંબ જોવા મળે છે. કોરોનાની ગરીબ વર્ગને વધુ અસર થઇ છે. એક કે બે રૂમ વાળા રહેઠાણમાં 6 થી 8 સભ્યોને રહેવાનું હોય ત્યારે કેવી રીતે સામાજિક અંતર જાળવવું કે કેવી રીતે સેલ્ફ કવારંન્ટાઇન થવું એ ગંભીર સવાલ છે.

**બાળકો અને વૃદ્ધો અને ઘરના તમામ સભ્યો ઘરે છે**. ત્યારે મહિલાઓના કામમાં રાહત થવાની જગ્યાએ વધારો થયો છે. કુટુંબમાં લોકડાઉનના સમયમાં ઘરમાં બેઠા-બેઠા પતિ-પત્ની વચ્ચે સામાન્ય ઉશ્કેરાટનાં અનેક કિસ્સા બન્યા છે.

**(2) જન્મ, લગ્ન અને મૃત્યુ સંસ્કાર**:- હિંદુ ધર્મશાસ્ત્રોમાં 16 સંસ્કારોનો ઉલ્લેખ છે. તે મુજબ જન્મ, લગ્ન અને મૃત્યુ એક સંસ્કાર ગણાય છે અને તેની ધાર્મિક વિધિ, રીવાજ અને પરંપરા હોય છે. કોરોના વાઇરસને કારણે માછીમાર સમાજમાં આ પરંપરાઓમાં પરિવર્તન આવ્યું છે.

**(3) શિક્ષણ**:- કોરોના વાઇરસને પગલે શાળા, કૉલેજ, યુનિવર્સિટી અને ટ્યુશન કલાસીસ સહિતના શૈક્ષણિક સંકુલો બંધ રહેતા શિક્ષણ કાર્ય સ્થગિત થઇ ગયું છે. જેના કારણે માછીમાર સમાજના બાળકોનું શિક્ષણ કાર્ય વર્ચ્યુઅલ કલાસ પુરતું માર્યાદિત થઇ ગયું છે. અને તેમાં પણ આધુનિક સાધનોની ઉણપ દેખાય આવે છે.

## માછીમાર સમાજ પર કોરોના વાઇરસ (COVID-19)ની આર્થિક અસર:-

માછીમારી સમાજ પર કોરોના વાઇરસની આર્થિક અસરની જાણકારી માટે તેમને નીચે મુજબના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

૧. લોકડાઉન સમયમાં તમારા કુટુંબની આવકમાં ઘટાડો થયો છે?
૨. લોકડાઉન સમયમાં તમારા કુટુંબના ખર્ચમાં ઘટાડો થયો છે ?
૩. લોકડાઉન સમયમાં તમારા કુટુંબની બચતમાં પરિવર્તન આવ્યું છે ?
૪. લોકડાઉન સમયમાં તમારા કુટુંબનો આરોગ્ય સબંધી ખર્ચ વધ્યો છે ?
૫. લોકડાઉન સમયમાં તમારા કુટુંબને આર્થિક મુશ્કેલી અનુભવાય છે ?

માછીમાર સમાજના આર્થિક વ્યવહારો પર કોરોના વાઇરસની અસર દેખાય આવે છે. આવક, ખર્ચ અને બચત પર જુદા-જુદા પ્રમાણમાં પરિવર્તનો આવ્યા છે. જેની માહિતી ઉપર મુજબના પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબને આધારે જોવા મળી છે જે આ મુજબ છે.

**(1) આવક:-**

લોકડાઉનની શરૂઆતમાં માછીમાર સમાજની આવકોમાં 100% નો ઘટાડો થયો હતો. ત્યાર બાદ આવકો વધવા લાગી હતી. અત્યારે માછલીના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડો અને લેટ પેમેન્ટ સિસ્ટમને કારણે માછીમારોની એકંદરે આવક કોરોના વાઇરસ આવ્યો તે પહેલાની સરખામણીમાં 50% આવકમાં ઘટાડો થયો છે.

**(2) ખર્ચ:-**

લોકડાઉનનાં સમયમાં માછીમારોના ઈતર ખર્ચમાં 90% જેટલો ઘટાડો થયો હતો. જીવન જરૂરી વસ્તુ પાછળ થતે ખર્ચમાં 30% જેટલો વધારો થયેલો જણાય છે. તમાકુ પાન અને બીડીના વ્યસનીઓના ખર્ચમાં 200% સુધીનો વધારો થયો હતો.

લોકડાઉન અનલોક થતા અને સામાજિક ધાર્મિક પ્રસંગોના નિયંત્રણને કારણે માછીમાર સમાજમાં અન્ય સમયની સરખામણીમાં આ સમયમાં ખર્ચમાં 40% જેટલો ઘટાડો જોવામળે છે.

**(3) બચત:-**

લોકડાઉનનાં સમયમાં ખર્ચમાં ઘટાડો થયો હતો પરંતુ તે આવકના ઘટાડાને કારણે બચતમાં પરિણામી શક્યો નહિ. અનલોક શરૂ થયા પછી આવકના ઘટાડાના પ્રમાણમાં ખર્ચન ઘટતા બચતો મોટા પ્રમાણમાં ઘટી છે. અને બચતોને બદલે લોકોના દેવામાં 10% જેટલો વધારો થયો છે.

## અભ્યાસના તારણો:-

અભ્યાસ હેઠળની સમષ્ટિના નિદર્શમાં સમાવિષ્ટ ઉતરદાતા પાસેથી મળેલી માહિતીના આધારે અભ્યાસના તારણો નીચે મુજબ મળે છે.

(1) કોરોના વાઇરસનાં કારણે સરકાર દ્વારા લોકડાઉન લાગુ કરતા માછીમાર કુટુંબમાં સામાન્ય ઉશ્કેરાટ અને નાના મોટા ઝઘડાનું પ્રમાણ વધ્યું છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ557053

(2) જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા સંસ્કારોની પરંપરામાં પરિવર્તન આવ્યું છે.

(3) માછીમાર સમાજના બાળકો ઓનલાઈન શિક્ષણ લેતા થયા છે.

(4) માછીમાર સમાજની આવકોમાં ઘટાડો થયો છે.

(5) માછીમાર સમાજના ખર્ચમાં ઘટાડો થયો છે.

(6) માછીમાર સમાજમાં બચતોમાં ખુબ ઘટાડો નોધાયો છે. અને દેવામાં વધારો થયો છે.

## ભાવી સંશોધન અંગેના સૂચનો:-

- ભાવી સંશોધનો આ જ વિષયને અનુલક્ષીને અન્ય સમષ્ટિ કે વિસ્તાર લઇ સંશોધન કરી શકે છે.
- ભાવી સંશોધકો ભારતમાં અને ગુજરાતમાં આવેલા તમામ સમાજ પર થયેલી કોરોના વાઇરસની અસરોનો અભ્યાસ હાથ ધરી શકે છે.
- ભાવિ સંશોધકો ભારતનાં તમામ પ્રકારના ઉદ્યોગો પર કોરોના વાઇરસની અભ્યાસ હાથ ધરી શકે છે.
- ભાવી સંશોધકો અન્ય મહામારીની સામાજિક અને આર્થિક અસરોનો અભ્યાસ કરી શકે છે.

## ઉપસંહાર:-

ભારત જેવા વિકસતા અર્થતંત્રમાં કોરોના મહામારીની અસરો જે પ્રમાણમાં જોવા મળે છે. તે અસરો ભારતીય સમાજ વ્યવસ્થા પર પડી છે. અને આ અસર માછીમાર અમાજની સામાજિક અને આર્થિક વ્યવસ્થા પર પણ જોવા મળી છે. માછીમાર સમાજ કોરોના વાઇરસ (COVID-19)નાં કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં પોતાની સમાજ વ્યવસ્થાને ટકાવી રાખી પરિસ્થિતિને અનુરૂપ જીવનને ઢાળવામાં સફળ રહ્યા છે.

### સદર્ભ સૂચી:-


1. ઉચાટ, ડી. એ. સામાજિક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારૂ આધારો. રાજકોટ: પારસ પ્રકાશન, 1997.
2. દેસાઈ, એચ.જી. અને દેસાઈ કે.જી. સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ,. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1973.
3. રાજગોર, શિવપ્રસાદ. ભારતના બંદરો . અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ, 1994.
4. જોષી, વિધુત. "લોકડાઉન પછીની જીવનશૈલી." વેબિનાર, સરકારી આર્ટસ કૉલેજ. ગાંધીનગર: વેબિનાર, મેં, 2020.
5. સેંજલિયા, હિમત. બંદર સંચાલન . અમરેલી : પર્યાવરણ અને સંસ્કૃતિ ટ્રસ્ટ , 2004.
6. દવે, હર્ષિદાબેન. સામાજિક સંશોધન પદ્ધતિઓ . અમદાવાદ : સંશોધન અને પરામર્શ સેવા ટ્રસ્ટ, 2005.
7. સંદેશ, સમાચાર પત્ર 28 મે 2020. ગુજરાતી .
8. દિવ્ય ભાસ્કર 23 ડિસેમ્બર 2020. ગુજરાતી.
9. COVID-19 data.gov.in
10. gujhealth.gujrat.gov.in
11. healthdata.org/covid/data-downloads


Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ557053